
# મારું હૃદય

વર્ષ-૬, અંક-૬૭, ૧૫ જુલાઈ, ૨૦૧૫

CIMS®
Care Institute of Medical Sciences

Price ₹ 5/-



**કાર્ડિયોલોજીસ્ટ**

ડૉ. અજય નાઇક +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬
ડૉ. સત્ય ગુપ્તા +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦
ડૉ. વિનીત સાંખલા +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬
ડૉ. વિપુલ કપૂર +૯૧-૯૮૨૪૦ ૯૯૮૪૮
ડૉ. જયરામ પ્રજાપતિ +૯૧-૮૨૩૮૬ ૪૪૨૨૨
ડૉ. તેજસ વી. પટેલ +૯૧-૮૯૪૦૩ ૦૫૧૩૦
ડૉ. ગુણવંત પટેલ +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬
ડૉ. કેયૂર પરીખ +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯
ડૉ. મિલન ચગ +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
ડૉ. ઉર્મિલ શાહ +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯
ડૉ. હેમાંગ બક્ષી +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧
ડૉ. અનિશ ચંદ્રારાણા +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨

**કાર્ડિયાક સર્જન**

ડૉ. ધવલ નાયક +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩
ડૉ. મનન દેસાઈ +૯૧-૯૬૩૮૫ ૯૬૬૬૯
ડૉ. ધીરેન શાહ +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩

**પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન**

ડૉ. શૌનક શાહ +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨

**કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાસીક અને થોરાકોસ્કોપીક સર્જન**

ડૉ. પ્રણવ મોદી +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦

**કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ**

ડૉ. હિરેન ધોળકિયા +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮
ડૉ. ચિંતન શેઠ +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪
ડૉ. નિરેન ભાવસાર +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭

**પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ**

ડૉ. કશ્યપ શેઠ +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮
ડૉ. દિવ્યેશ સાદડીવાળા +૯૧-૮૨૩૮૩ ૩૯૯૮૦
ડૉ. મિલન ચગ +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭

**નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ**

ડૉ. અમિત ચિતલીયા +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦


**કાર્ડિયાક ઇલેક્ટ્રોફિજિયોલોજીસ્ટ**

ડૉ. અજય નાઇક +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬
ડૉ. વિનીત સાંખલા +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬

## બીટા બ્લોકર

### બીટા બ્લોકર શું છે?

બીટા બ્લોકર આપણા શરીરમાંના સ્વયં સંચાલિત જ્ઞાનતંતુઓ પૈકી એક 'બીટા સિમ્પેથેટિક'ની અસરને અટકાવે છે. તેનાથી હૃદયના ધબકારા પ્રમાણમાં નીચા રહે છે. આથી હૃદયને કાર્ય કરવા માટે પ્રમાણમાં ઓછા ઑક્સિજનની જરૂર પડે છે. બીજી સારી અસર એ છે કે બ્લડપ્રેશર નીચું આવે છે. બ્લડપ્રેશર ઘટવાથી હૃદયનો કાર્યભાર હળવો થાય છે.





હૃદયના ધબકારા તેમજ બીપી વધવાની ક્રિયા

### ક્યારે વપરાય છે?

બીટા બ્લોકર 'વન્ડર' દવા કહી શકાય. કારણકે તે હૃદયને લગતી ઘણી બધી બીમારીઓમાં વાપરવામાં આવે છે; જેમ કે

- એન્જાયના દુખાવામાં
- હૃદયરોગના હુમલામાં અને હુમલા પછી
- બ્લડપ્રેશરમાં
- હૃદય ફેલ્યોરમાં
- અનિયમિત ધબકારામાં




બીટા બ્લોકર્સ દ્વારા ઉપરોક્ત અસર અટકાવી શકાય

હૃદયરોગના હુમલા પછી આ દવા લેવામાં આવે તો ફરીથી હૃદયરોગનો હુમલો આવવાની કે તેના કારણે મૃત્યુ થવાની શક્યતામાં ઘટાડો થાય છે.

# નાઇટ્રોગ્લિસરિન અને બીજા નાઇટ્રેટ્સ

## શાથી મહત્ત્વનાં છે?

નાઇટ્રોગ્લિસરિન અને નાઇટ્રેટ્સ જેવી દવાઓનો ઉપયોગ ૧૦૦થી પણ વધુ વર્ષોથી હૃદયરોગની સારવાર માટે થાય છે. તે ઇસ્કેમીક હાર્ટ ડિસીઝ (એન્જાયના) એટલે કે હૃદયને ઓછું લોહી મળતું હોય તેવી બીમારીમાં વપરાય છે.

જે દર્દીઓને એન્જાયના હોય એમના હૃદયને જરૂરિયાત કરતાં રક્ત તેમજ ઑક્સિજન ઓછા પ્રમાણમાં મળે છે. તેમની સારવાર કરવા આ દવાઓ ખૂબ જ લાભદાયી છે. આ પ્રકારનો હૃદયનો રોગ સામાન્યપણે એથેરોસ્ક્લેરોસિસથી થાય છે. એથેરોસ્ક્લેરોસિસથી હૃદયના સ્નાયુને પૂરતા પ્રમાણમાં રક્ત મળતું નથી, અને રક્તની ખામીથી એન્જાયના પેક્ટોરિસ (છાતીમાં દુખાવો, ગભરામણ, અણગમો) થાય છે. નાઇટ્રેટ્સનો ઉપયોગ છાતીમાં દુખાવો દૂર કરવા અને હૃદયરોગના હુમલા અટકાવવા થાય છે.

શ્યામને ખૂબ જ શરદી અને ઉધરસ થઈ એટલે એ ડૉક્ટર પાસે ગયો. ડૉક્ટરે એને કેટલીક ગોળીઓ અને દવા આપી પરંતુ કોઈ ફાયદો ન થયો. બીજી મુલાકાત વખતે ડૉક્ટરે તેને ઇંજેક્શન પણ આપ્યું પણ તો ય કાંઈ ફાયદો ન વળ્યો.

ત્રીજી મુલાકાત વખતે ડૉક્ટરે શ્યામને ઘરે જઈ ગરમ પાણીથી સ્નાન કરવા કહ્યું અને નાહ્યા પછી બધી જ બારી ખોલી પંખો ફૂલ સ્પિડે ચાલુ કરીને નીચે ઊભા રહેવા કહ્યું.


**'પણ ડૉક્ટર,'** શ્યામે સામો પ્રશ્ન કર્યો, **'જો હું આવું કરીશ તો મને ન્યુમોનિયા થઈ જશે.'**

'હા, પછી હું તને સાજો કરી શકીશ, કારણકે મને ન્યુમોનિયાની સારવાર પાકી આવડે છે.'

## કાર્યપદ્ધતિ

આ દવાઓનું કાર્ય, નસ અને ધમનીઓના સ્નાયુઓને આરામ આપી, પહોળી કરવાનું છે. આ રક્તવાહિનીઓ પહોળી થવાથી બે સારી અસરો થાય છે. એક તો ઑક્સિજન લઈ જતું વધુ રક્તવાહિનીમાં જઈ શકે છે. આથી હૃદયના સ્નાયુને વધુ ઑક્સિજન મળે છે. બીજી સારી અસર એ છે કે રક્તવાહિનીઓ પહોળી થવાથી બ્લડપ્રેશર નીચું આવે છે. બ્લડપ્રેશર ઘટવાથી હૃદયનો કાર્યભાર હળવો થઈ, ઑક્સિજનની જરૂરિયાત પણ ઘટે છે.

રક્તવાહિનીઓ પહોળી થવાથી તથા બી.પી. ઘટવાના સુમેળથી છાતીનો દુખાવો અથવા ગભરામણ કે મૂંઝારો તરત જ દૂર થાય છે. ઑક્સિજનની માંગ અને પુરવઠો પાછાં સમતોલનમાં આવે છે.



નાઇટ્રેટની અસરથી હૃદયની ધમની પહોળી થાય

## જીભ નીચે મૂકવાની નાઇટ્રોગ્લિસરિન

આ દવાઓ જીભ નીચે મૂકવાથી અથવા સ્પ્રે કરવાથી ખૂબ જ ઝડપથી કાર્ય કરે છે, પરંતુ એની અસર લાંબો સમય ચાલતી નથી. એ આશરે ૨૦થી ૪૦ મિનિટ સુધી અસર કરે. તેનો ઉપયોગ છાતીના દુખાવા તથા ગભરામણ વખતે થાય. તે ખૂબ સારી રીતે કાર્ય કરે છે અને વારંવાર લઈ શકાય છે. તમે હળવી કે ભારે કસરત અથવા શારીરિક પ્રવૃત્તિ કરતાં પહેલાં આ દવા લો તો ખૂબ મદદરૂપ થાય છે.




નાઇટ્રેટનો પેચ : ચામડી વાટે પણ નાઇટ્રેટ્સ વપરાય

## મોંએથી ગળવાની નાઈટ્રેટ્સ

તે ગોળી અથવા કેપ્સુલના સ્વરૂપમાં મળે છે અને ગળવાની હોય છે. તે લાંબા સમય સુધી (૬ કલાકથી ૨૪ કલાક સુધી) કાર્ય કરે છે. તે એન્જાયનાના લાંબા ગાળાના નિયંત્રણ માટે અસરકારક છે.

## નસ વાટે નાઈટ્રોગ્લિસરીન

અસ્થિર એન્જાયના પેક્ટોરિસ અથવા હૃદયરોગના હુમલાની સારવાર માટે નસ દ્વારા નાઇટ્રોગ્લિસરીન સવિશેષ ઉપયોગી છે.

## આડઅસરો અને સમસ્યા

જે લોકો નાઇટ્રેટ લે છે તેઓ કોઈક વાર માથામાં દુખાવો અનુભવે છે. લાંબા સમય સુધી દવા નિયમિત લેવાથી આ દુખાવો સામાન્યપણે ઓછો થાય છે અને પછી બંધ થાય છે. આ દુખાવામાં એસ્પિરિન અથવા મેટાસિન જેવી દવાઓથી રાહત મળી શકે.

પણ કેટલાંક લોકો હંમેશ માટે નાઇટ્રેટ્સ લઈ શકતાં નથી, કારણ કે એમને માથાનો દુખાવો ચાલુ રહે છે.

નાઇટ્રેટ્સની બ્લડપ્રેશર ઓછું કરવાની શક્તિથી પણ સમસ્યાઓ ઉદ્ભવે. એમાં ચક્કર આવે અથવા બેભાનાવસ્થા પણ થઈ શકે. આ માટે દવાનો પહેલો ડોઝ સૂતાં અથવા બેઠાં બેઠાં લેવો.

નાઇટ્રેટ્સ શરૂ કરતાં પહેલાં તમે બીજી કોઈ પણ દવા લેતા હો તે વિષે તમારા ડૉક્ટરને માહિતી આપવાનું ન ભૂલશો. વાયાગ્રા જેવી દવાઓ સાથે નાઇટ્રેટ્સ બિલકુલ ન લેવાય.

જો નાઇટ્રેટ્સ કોઈ પણ સ્વરૂપે તમે સતતપણે લેશો તો તમારું શરીર તેનાથી ટેવાઈ જશે અને આથી નાઇટ્રેટ્સ પહેલાં જેટલું અસરકારક કાર્ય ના પણ કરે.

દવા લેવા અંગે તમારા ડૉક્ટરની સૂચનાઓનું ખૂબ જ કાળજીપૂર્વક પાલન કરો.

**સૌજન્ય** 'હૃદયની વાત દિલથી' - લેખક : ડૉ. કેયૂર પરીખ

## જોડીયા બાળકો હોય તેવી ગર્ભાવસ્થામાં કાર્ડિયાક સર્જરીનો દુર્લભ કિસ્સો

એક યુવાન મહિલા જોડિયા બાળકોને જન્મ આપવાની હતી અને તેની આ પ્રથમ ગર્ભાવસ્થા હતી તેથી આખો પરિવાર ખુશ હતો. પરંતુ તેને અચાનક તાવ આવ્યો અને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી ત્યારે જાણવા મળ્યું કે તેના હૃદયમાં (વીએસડી) અને મુખ્ય ધમનીમાં કાણું છે જેના કારણે લોહી લિક થઇને હૃદયની આરટી ચેમ્બર (આરએસઓવી)માં પ્રવેશતું હતું.



કાર્ડિયોલોજિસ્ટની સલાહ લીધા બાદ પાંચમા મહિને સેમી-અર્જન્ટ, ઉચ્ચ જોખમની સર્જરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સીમ્સ હોસ્પિટલના પિડિયાટ્રીક કાર્ડિયાક સર્જન, કાર્ડિયાક એનેસ્થેસિયોલોજિસ્ટ, ગાયનેકોલોજિસ્ટ, પરફ્યુઝનિસ્ટની એક ટીમ અને નર્સિંગ સ્ટાફની મદદથી આ ઓપરેશન સફળ બનાવવામાં આવ્યું હતું.

માતા અને બાળક પર આધુનિક રીતે દેખરેખ રાખવામાં આવી હતી, માતાનું હેમોડાયનેમિક મોનિટરિંગ, સર્જિકલ કુશળતા અને ઓપરેશન બાદ સારામાં સારી કાળજી રાખવાના કારણે આ સફળતા મળી હતી.


માતા અને બાળક બંનેની તબિયત સારી છે.

# ECMO ટેકનીકમાં અમદાવાદની પહેલ : દર્દીને વરદાન – આયુષ્માન ભવ

તાજેતરમાં જ અમદાવાદમાં એક દર્દી પર ECMO ટેકનીક દ્વારા તેની જીવનદોરી લંબાવવામાં અભૂતપૂર્વ સફળતા સાંપડી. સીમ્સ હોસ્પિટલના અનુભવી અને કુશળ ડોકટરોની ટીમના નેતૃત્વ હેઠળ, સ્વાઇન ફ્લુના દર્દીને ECMO (એક્સ્ટ્રા કોર્પોરિયલ મેમ્બ્રેન ઓક્સિજીનેશન) ટેકનીકથી જીવનદાન અપાયું. સમગ્ર ગુજરાત ઉપરાંત પડોશી રાજ્યો જેમ કે રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરેમાં પણ આ સર્જરી સર્વપ્રથમ વખત કરાઇ. આ દર્દીને સ્વાઇન ફ્લુ હતો અને તેથી ફેફસાની કાર્યક્ષમતા અત્યંત નબળી હતી. આ પરિસ્થિતિમાં ફેફસા અને તેનું સામાન્ય કાર્ય-શ્વસનવાયુઓની આપ-લે સરળતાથી કરી શકતા નથી કે જેથી શરીરમાં ઓછું લોહી પહોંચતુ હોય છે. આવા દર્દીઓ માટે, ECMO ટેકનીક જ એકમાત્ર ઉપાય હતો. આ એક અતિ વિશિષ્ટ પ્રકારની તબીબી પધ્ધતિ છે કે જેમાં મશીન દ્વારા, શરીરની બહાર હૃદય અને ફેફસાનું કાર્ય થતું હોય છે.



સમગ્ર શસ્ત્રક્રિયા દરમ્યાન, દર્દીને સતત ઓક્સિજીનેટેડ-શુધ્ધ લોહી પુરૂ પડાય છે. સીમ્સ હોસ્પિટલ ખાતેની ECMO ટીમનાં લગભગ ૩૦ જેટલા નિષ્ણાંતોની ટીમ દ્વારા સ્વાઇન ફ્લુના આ દર્દીમાં જ્યારે આ શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી ત્યારે અહીં અતિ આનંદનો અનુભવ થયો હોય તેવુ વાતાવરણ સર્જાઈ ગયુ હતું. સર્જરી બાદ, દર્દી નોર્મલ અવસ્થામાં છે તથા તેની તબિયતમાં ઝડપથી સુધારો નોંધાઈ રહેલ છે.



ECMO ટીમના જણાવ્યા અનુસાર, જો દર્દી વેન્ટિલેટર પર હોય અને હૃદય અને ફેફસાં કામ ન કરતાં હોય તો, વિવિધ હૃદયરોગોમાં તથા, ઝેરની અસરવાળા દર્દીઓ માટે ECMO ટેકનીક ઉપયોગી છે. ખાસ કરીને ફેફસાંના રોગો-સ્વાઈન ફ્લુ, લંગ ફેલ્યોર, ARDS વગેરેમાં તો આ ટેકનીક દર્દીઓમાં જીવનની આશાને નવપલ્લિત કરે છે.


# નવજાત શીશુમાં પેસમેકર



ઉદયપુરના દિપીબેન (નામ બદલ્યુ છે)ના નવજાત શિશુને તપાસતા જ બાળકોના ડોકટરે કહ્યું, આને તાત્કાલિક અમદાવાદ લઇ જવો પડશે, બાળકને પેસમેકરની જરૂર છે.

જેમ આપણા ઘર માં વીજળીનો પ્રવાહ વાયરથી આવે, તેમ હૃદયને પણ ધબકવા માટે ઇલેકટ્રીકલ ઇમ્પલ્સની જરૂર હોય. આ માટે હૃદયમાં ચોક્કસ જગ્યાએ વાયર બોક્ષ હોય, જેમાં કરંટ આવે તો હૃદય ધબકે.

સામાન્ય રીતે, એક નવજાત શીશુનું હૃદય લગભગ ૧૩૦ થી ૧૫૦ વાર એક મીનીટમાં ધબકે. પણ દિપીબેનના બાળકનું હૃદય માત્ર ૪૦ વાર ધબકતુ હતુ. આને લીધે, હૃદયનું પમ્પીંગ કમજોર થઇ બાળકના શ્વાસોશ્વાસ વધી ગયા હતા. સીમ્સ હોસ્પિટલમાં લાવ્યા બાદ, ઇમર્જન્સી ઓપરેશન દ્વારા સવા બે કિલોના બાળકના હૃદયમાં પેસમેકરના લીડ લગાવ્યા અને પલ્સ જનરેટર (બેટરી). પેટના સ્નાયુ પાછળ ફીટ કરવામાં આવ્યું. લગભગ એક કલાક ચાલેલા ઓપરેશન બાદ બાળકને આઇસીયુમાં ખસેડાયુ. ઇકોકાર્ડિયોગ્રાફીમાં હૃદયનું પમ્પિંગ ૪૫ થી ૫૦ ટકા જેટલુ જણાયુ. દિપીબહેનની તપાસ કરાવતા તેમને સીસ્ટેમીક લ્યુપ્સ ઇરીથોમેટોસસ (SLE)રોગનું નિદાન થયુ. આ રોગમાં માતાના શરીરમાં એવા એન્ટીબોડી ઉત્પન્ન થાય છે જે ગર્ભસ્થ શીશુના હૃદયની એ.વી.નોડ નામના ધબકારા કંટ્રોલ કરતી જગ્યાનો નાશ કરે છે.



આ પેસમેકર લગભગ ૫ થી ૬ વર્ષ ચાલશે અને ત્યારબાદ માત્ર પલ્સ જનરેટર બદલવું પડશે.

આઠમે દિવસે બાળકને રજા આપવામાં આવી અને બાળકના વજનમાં લગભગ ૨૫૦ ગ્રામનો વધારો થયો.

# CIMS STEMI

# સીમ્સ સ્ટેમી

**ek call jo zindagi bachaye**

**૦૮૧૪૧૦૧૨૨૨૨**

- સંશોધન દર્શાવે છે કે છાતીમાં દુખાવાની તકલીફ શરૂ થાય તેના પ્રથમ એક કલાકમાં હૃદયરોગના હુમલાથી મોટાભાગના મૃત્યુ થતા હોય છે. પરંતુ, લોહી પુરવઠા વિહિન બનેલ હૃદય સ્નાયુને જો ટૂંકા સમયમાં લોહી આપવામાં આવે તો કોઈ પણ નુકસાન વગર તેમા સંપૂર્ણ સુધારો લાવી શકાય છે.
- અત્યંત મહત્વના પ્રથમ કલાકોમાં હૃદય સંબંધિત દરમિયાનગીરીથી હૃદયના સ્નાયુ તેમ જ દર્દીને મૃત્યુથી બચાવી શકાય છે.
- કાર્ડિયાક કેથેટરાઈઝેશન લેબોરેટરીથી સુસજ્જ હોસ્પિટલખાતે હૃદયરોગ હુમલાની સારવાર મળી જાય તો ત્યારબાદ જીવનની ગુણવત્તાને વધુ સારી કરી શકાય છે.

## સીમ્સ સ્ટેમી (હૃદયરોગનો હુમલો) પ્રોગ્રામનો ઉદ્દેશ


૧) હૃદય રોગ થવાના સંજોગોમાં ખાસ કેવા પગલા ભરવા તે અંગે સૌને માહિતીગાર અને શિક્ષિત કરવા.

૨) સ્થાનિક સ્ટેમી દર્દીઓને સમયસર જીવન રક્ષક સારવાર આપવી તેમ જ હોસ્પિટલ/ડોકટરનો સંપર્ક કરવો.

૪) હૃદય રોગના દર્દીઓની મૃત્યુ થવાની અને રોગની સ્થિતિને ઘટાડવી તેમ જ સતત કાળજી મારફતે તેમના જીવનની ગુણવત્તામાં સુધારો કરવો.

૫) પ્રમાણિત વૈશ્વિક ધોરણો સ્વીકારી સૌને માટે તબીબી કાળજીની સ્થિતિમાં સુધારો લાવવો તેમ જ સામાજિક આરોગ્ય કાળજી પ્રત્યેની જાગૃતિ તથા ઉન્નતિમાં ટ્રસ્ટશિપનું નિર્દર્શન કરવું.

## સારવાર માટે સીમ્સ સ્ટેમી પ્રોગ્રામ સમય બચાવે છે





**હૃદય રોગના હુમલામાંથી બચવા શક્ય એટલી ઝડપથી તબીબી મદદ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.**


સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦.

# ભારતમાં સૌપ્રથમ વાર વગર ઓપરેશને હૃદયમાં નવા વાલ્વનું પ્રત્યારોપણ

સીમ્સ હોસ્પિટલ (CIMS), અમદાવાદ ખાતે, ભારતમાં સૌપ્રથમ વખત, વગર ઓપરેશને નવા વાલ્વનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું.

આ પદ્ધતિથી સારવાર (Trans-Aortic TAVR) ભારતમાં સૌપ્રથમ વખત સફળતાપૂર્વક સીમ્સ હોસ્પિટલમાં ડૉ. ધીરેન શાહ (કાર્ડિયાક સર્જન), ડૉ. મિલન ચગ (કાર્ડિયોલોજીસ્ટ) અને ડૉ. હીરેન ધોળકીયા – ડૉ. ચિંતન શેઠ (કાર્ડીયાક એનેસ્થેટીસ્ટ)ની ટીમે કરેલ છે. યુરોપનાં ઘણાં દેશમાં અંદાજે ૩૦ થી ૪૦ % દર્દીઓમાં સાંકળો થયેલ એઓર્ટીક વાલ્વ TAVR પદ્ધતિથી ઓપન હાર્ટ સર્જરી વગર બદલાવવામાં આવે છે.





૮૧ વર્ષની ઉંમરનાં એક વયસ્કનો હૃદયનો સૌથી મહત્વનો ડાબી બાજુનો વાલ્વ (Aortic Valve) ઉંમર અને કેલ્શીયમની જમાવટના કારણે અતિશય સાંકળો થઈ ગયેલ. તેનાં કારણે તેના હૃદયની કાર્યક્ષમતા ઘટીને ૨૫% થઈ ગયેલ. ફેફસા અને કીડનીનાં કાર્ય પણ નબળા પડી ગયેલ અને દર્દીને સામાન્ય જીવન જીવવામાં પણ શ્વાસની ખુબ જ તકલીફ હતી.

આ પ્રકારની વાલ્વની તકલીફમાં દર્દીનો વાલ્વ બદલાવવો એ એક માત્ર વિકલ્પ રહે છે. જેના માટે ઓપન હાર્ટ સર્જરીની જરૂર પડતી હોય છે. પરંતુ, આ દર્દીમાં નબળા હૃદય, ફેફસા, કીડની અને વધુ ઉંમરનાં કારણે ઓપન હાર્ટ સર્જરીનુ જોખમ ખુબ જ વધારે હતું. તેનાં વિકલ્પ તરીકે યુરોપમાં શોધાયેલ નવી પદ્ધતિ કે જેમાં વગર ઓપરેશને નવા વાલ્વનું શરીરમાં પ્રત્યારોપણ કરવાની પ્રક્રિયાનો ઉપયોગ કરવામાં આવેલ જેને TAVR (ટ્રાન્સ કેથેટર એઓર્ટીક વાલ્વ રીપ્લેસમેન્ટ) કહેવામાં આવે છે. તેમાં, વગર ઓપરશને, એન્જીયોપ્લાસ્ટી જેવી પદ્ધતિથી શરીરની રક્તવાહીની મારફતે કેથેટર દ્વારા શરીરમાં વાલ્વ દાખલ કરાય છે અને ખરાબ થયેલ વાલ્વની જગ્યાએ તેનું પ્રત્યારોપણ કરવામાં આવે છે. આ દર્દીની બધી રક્તવાહિનીઓ પણ કેલ્શીયમની જમાવટથી સાંકળી થઈ ગઈ હોવાથી ભારતમાં સૌપ્રથમ વખત Trans-Aortic route થી TAVR કરવામાં આવેલ.

આમ, આ પદ્ધતિનો મોટો ફાયદો એ છે કે અતિ જોખમી દર્દીની સારવાર પણ ઓપન હાર્ટ સર્જરી વગર ઓછા જોખમથી ફરી શકાય છે. સામાન્ય રીતે આ રોગ મોટી ઉંમરે થતો હોય છે અને આવા દર્દીમાં હૃદય ઉપરાંત શરીરનાં બીજા અવયવો પણ નબળા હોવાથી ઓપન હાર્ટ સર્જરીનું જોખમ ખુબ જ વધી જતું હોય છે. ત્યારે આ નવી પદ્ધતિ TAVR આશીર્વાદ સમાન સાબીત થઈ શકે છે.

## સીમ્સ ખાતે રેડિયોથેરેપી માટે એફએફએફ (ફ્લેટનિંગ ફિલ્ટર -ફ્રી)

સીમ્સ કેન્સર સેન્ટરે રેડિયોથેરેપીમાં તાજેતરમાં બહુ મોટી સિદ્ધિ હાંસલ કરી છે જેમાં ક્લિનિકલ ઉપયોગ માટે એફએફએફ (ફ્લેટનિંગ ફિલ્ટર-ફ્રી)નો ઉપયોગ કરવા એઇઆરબીની મંજૂરી મેળવવામાં આવી છે. લાઇનિયર એક્સિલરેટરમાંથી ફ્લેટનિંગ ફિલ્ટર દૂર કરીને ફ્લેટ બીમની ફિઝિયોલોજિક પ્રોપર્ટીના કારણે વધારે મોટો ડોઝ રેટ મેળવી શકાય છે. એસઆરએસ (સ્ટીરિયોટેક્ટિક રેડિયો સર્જરી) એસઆરટી (સ્ટીરિયોટેક્ટિક રેડિયો થેરેપી) અને એસબીઆરટી (ફેફસા અને પ્રોસ્ટેટ માટે સ્ટીરિયોટેક્ટિક બોડી રેડિયેશન થેરેપી) જેવી આધુનિક સારવારનો ઉપયોગ અત્યાધુનિક પ્લાનિંગ સિસ્ટમ સાથે કરી શકાય છે અને તેનાથી નોન-ફ્લેટ, હાઇ ડોઝ રેટ બીમને મોડ્યુલેટ કરી શકાય છે જેનાથી સારવારના સમયમાં ઘટાડા સાથે ઉચ્ચ પ્રમાણમાં સુનિશ્ચિત ડોઝ મેળવી શકાય છે.

CIMS

# સીમ્સ હોસ્પિટલની કાર્ડિયાક સર્જરી ટીમ દ્વારા દર્દીઓના અતુટ વિશ્વાસનો આભાર

## સીમ્સ હોસ્પિટલના પ્રારંભથી અત્યાર સુધી

# ૫૦૦૦ સર્જરી ૫ વર્ષમાં

## સિધ્ધી હાંસલ કરેલ છે.



**ડો. ધીરેન શાહ**
કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન



**ડો. ધવલ નાયક**
કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન



**ડો. મનન દેસાઈ**
કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન



**ડો. શૌનક શાહ**
પિડીયાટ્રીક અને કન્જેનાઈટલ હાર્ટ સર્જન



**ડો. નિરેન ભાવસાર**
કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ



**ડો.હિરેન ધોળકિયા**
કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ



**ડો. ચિંતન શેઠ**
કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ

CIMS

## પશ્ચિમ ભારતમાં પ્રાઇવેટ હોસ્પિટલોમાં સૌથી વધારે અને સર્વ શ્રેષ્ઠ કેથલેબની સુવિધા ધરાવતી સીમ્સ હોસ્પિટલ

## ૩ કેથલેબ એક જ સ્થળ પર



એપોઇન્ટમેન્ટ માટે ફોન :
+૯૧-૯૮૨૫૦૬૬૬૬૧, +૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮/૧૨૦૦

## સીમ્સ હોસ્પિટલ નિમ્નલિખિત ડોક્ટરોનું ટીમની ટીમમાં સ્વાગત કરે છે

### ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ (હૃદયરોગના નિષ્ણાંત)

**ડૉ. વિપુલ કપૂર**
એમબીબીએસ, એમડી (જનરલ મેડિસીન),
ડીએનબી(કાર્ડિયોલોજી), એમએનએએમએસ, એફઇએસસી
(મો) +૯૧-૯૮૨૪૦ ૯૯૮૪૮

**ડૉ. તેજસ વી. પટેલ**
એમબીબીએસ, એમડી (જનરલ મેડિસીન),
ડીએમ(કાર્ડિયોલોજી) સીએમસી વેલ્લોર
(મો) +૯૧-૮૯૪૦૩ ૦૫૧૩૦

### કન્સલટન્ટ બેરીયાટ્રીક અને મેટાબોલીક સર્જન

**ડૉ. દિગ્વિજયયિસંહ બેદી**
એમબીબીએસ, એમએસ (જનરલ સર્જરી),
બેરીયાટ્રીક ફેલો, ઓસ્ટ્રેલિયા
(મો) +૯૧-૯૮૨૪૦ ૧૨૫૮૨

**"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044**
**Published 15th of every month**
**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under**
**Postal Registration No. GAMC-1731/2013-2015 issued by SSP Ahmedabad valid upto 31st December, 2015**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/101/2014 valid upto 31st December, 2015**

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Ph. : +91-79-2771 2771-75 (5 lines)

Fax: +91-79-2771 2770

Mobile : +91-98250 66664, 98250 66668

**‘મારૂ હૃદય’ નો અંક મેળવવા અંગે :** જો તમારે ‘મારૂ હૃદય’ નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી ‘સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.’ ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, “મારૂ હૃદય” ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૫૯/૧૦૬૦

અમને જણાવતા ખુબ આનંદ થાય છે કે **સીમ્સ હોસ્પિટલને** બ્રાન્ડ એચીવર્સ એવોર્ડ ૨૦૧૫ દ્વારા **“બેસ્ટ મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ ઇન અમદાવાદ”**નો એવોર્ડ પ્રાપ્ત થયો છે.

Brand Achievers Awards 2015




CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... We Care

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines) Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.me | www.cims.me

તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ, ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.